Seat No. : _______________

# XR-104

**B.A. (Sem.-II)**
**April-2013**
**Core -112**
**Gujarati**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

૧. (અ) નવલકથાની લાક્ષણિકતાઓ સદૃષ્ટાંત ચર્ચો. ૭

**અથવા**

નવલકથાના વિકાસની પ્રક્રિયા વર્ણવો.

(બ) મુનશીના જીવન અને કવનનો પરિચય આપો. ૭

**અથવા**

'પૃથિવી વલ્લભ' ની વસ્તુસંકલના તપાસો.

૨. (અ) કોઈપણ **એક** વિશે ટૂંકનોંધ લખો : ૭

(૧) 'પૃથિવી વલ્લભ' ભાષાશૈલી

(૨) 'પૃથિવી વલ્લભ'નો અંત

(બ) કોઈપણ **એક** વિશે અહેવાલ લખો : ૭

(૧) તમારી કોલેજમાં સ્ત્રી-સન્માન માટેની જાગૃતિ અર્થે યોજાયેલ રેલી

(૨) શિક્ષકદિનની ઉજવણી

૩. (અ) કોઈપણ **બે** વિશે નોંધ લખો : ૮

(૧) મુનશીની ઐતિહાસિક નવલકથાઓ

(૨) 'પૃથિવી વલ્લભ'માં સંઘર્ષ

(૩) 'તપની મહાસિદ્ધિ' પ્રકરણની સમીક્ષા

(૪) મુંજના પાત્રની વિશેષતાઓ

(બ) કોઈપણ **બે** પંક્તિ વિચારવિસ્તાર કરી સમજાવો : ૮

(૧) "ઉડવાની હામ પણ હોવી ઘટે,
એકલું આકાશ હો પૂરતું નથી".

(૨) "સિદ્ધિ તેને જઈ વરે,
જે પરસેવે ન્હાય".

(૩) “”આ તન રંગ પતંગા સરખો,

જાતા વાર ન લાગે જી;

અસંખ્ય ગયા ધન સંપત મેલી,

તારી નજરું આગે જી.”

(૪) “સ્વતંત્ર પ્રકૃતિ તમામ

એક માનવી જ કાં ગુલામ ?”

૪. નીચેના પ્રશ્નોના **એક** કે **બે** વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ **૭**) **૧૨**

(૧) ગુજરાતીની પ્રથમ નવલકથા અને તેના લેખકનું નામ જણાવો.

(૨) નવલકથાક્ષેત્રે રમણભાઈ નીલકંઠે શી પહેલ કરી હતી ?

(૩) મુનશીએ લખેલા કોઈપણ બે નાટકોના નામ આપો.

(૪) મુનશી શાનો વ્યવસાય કરતા હતા ?

(૫) ભિલ્લમરાજની શી લાચારી હતી ?

(૬) મુંજનું મૃત્યુ કેવી રીતે થયું ?

(૭) ‘આભ ઝરે ભલે આગ,

હસી હસી ફૂલ ઝરે ગુલમહોર’ પંક્તિ દ્વારા કવિ શું સમજાવે છે ?

૫. સાચો વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના જવાબ આપો : **૧૪**

(૧) ગુજરાતી સાહિત્યની પ્રથમ સામાજિક નવલકથાનું નામ આપો.

(a) વેવિશાળ (b) સાસુ-વહુની લડાઈ

(c) તુલસીક્યારો (d) ફેરો

(૨) નીચેનામાંથી કયું લક્ષણ નવલકથાના સ્વરૂપને લાગુ પડતું નથી ?

(a) રસનિરૂપણ (b) પાત્રનિરૂપણ

(c) જીવનદર્શન (d) લાઘવ

(૩) કઈ નવલકથા સંસ્કૃતિના સમન્વયની કથા તરીકે ઓળખાય છે ?

(a) ચૌલાદેવી (b) જનમટીપ

(c) સરસ્વતીચંદ્ર (d) પ્રિયજન

(૪) 'ઝેર તો પીધા છે જાણી જાણી' ના લેખકનું નામ જણાવો.

(a) દર્શક (b) ઉમાશંકર

(c) સુંદરમ્ (d) દયારામ

(૫) પન્નાલાલ પટેલની કઈ નવલકથાને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થયો છે ?

(a) મળેલા જીવ (b) ભાંગ્યાના ભેરું

(c) કંકુ (d) માનવીની ભવાઈ

(૬) ગુજરાતી નવલકથામાં ઘટનાનું તિરોધાન કરવાની વાત કરનાર પ્રથમ વિવેચક કોણ હતા ?

(a) સુરેશ જોશી (b) યોગેશ જોશી

(c) અનિલ જોશી (d) ઉમાશંકર જોશી

(૭) મુનશીનું જન્મસ્થળ જણાવો.

(a) અમદાવાદ (b) સુરત

(c) ભરુચ (d) વડોદરા

(૮) મુનશીના બીજા પત્નીનું નામ શું હતું ?

(a) અતિલક્ષ્મી (b) ગૌરી

(c) વિદ્યા (d) લીલાવતી

(૯) વિલાસની હત્યા કોણે કરી ?

(a) રસનિધિએ (b) સત્યાશ્રયે

(c) મુંજે (d) મૃણાલે

(૧૦) મુંજના કવિઓને કોણે જીવતા રખાવ્યા ?

(a) ભિલ્લમે (b) તૈલપે

(c) સત્યાશ્રયે (d) મુંજે

(૧૧) 'મારી પાસે આવ્યા તે સજીવન થયા વિના રહેવાના નથી.' આ વાક્ય કોણ બોલે છે ?

(a) મુંજ (b) વિલાસ

(c) લક્ષ્મીદેવી (d) રસનિધિ

(૧૨) 'ના હિન્દુ નીકળ્યા, ન મુસલમાન નીકળ્યા

કબરો ઉઘાડી જોયું તો ઈન્સાન નીકળ્યા.'

આ પંક્તિનું હાર્દ શું છે ?

(a) ધર્મ (b) લાલચ

(c) દયા (d) એકતા

(૧૩) વર્તમાનપત્રના અહેવાલ માટે જાણીતો શબ્દ કયો છે ?

(a) વૃત્તાંત નિવેદન (b) વ્યક્તિ નિવેદન

(c) કાલ્પનિક નિવેદન (d) પ્રતીકાત્મક નિવેદન

(૧૪) અહેવાલ એટલે શું ?

(a) ઘટના કે પ્રવૃત્તિની માહિતી પ્રધાન રજૂઆત

(b) ઘટનાની કાલ્પનિક રજૂઆત

(c) ઘટનાની કાવ્યમય રજૂઆત

(d) ઘટનાની છંદોબદ્ધ રજૂઆત